

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

ફરે છે ચારેકોર ચેપનો યમદૂત, જશો ક્યાં ?
ફાડીને બેઠા છે મુખ, મગર મૃત્યુનો - જશો ક્યાં ?
આવે ન કંઈ કામ, દવા અને દાક્તર, જશો ક્યાં ?
- તો પછી રહોને ઘરમાં સુખ-શાંતિથી, જશો ક્યાં ?

હાઈકુ

સ્નેહ સંબંધો
એકાંતની કાતરે -
કપાઈ ગયા?!

મળે ન લાગ -
છે બધાં ઘરમાં જ
કપાયા ફોન !!

(બધી પત્નીઓ અને બધા પતિ દેવો છે ઘરમાં)

### ચિંતન

**અધમા ધન મિચ્છતિ, ધનમાનૌ તુ મધ્યમાઃ ।**
**ઉત્તમા માનમિચ્છતિ, માનોહિ મહતાં ધનમ્ ॥**

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

અધમ-કનિષ્ઠ વિચારશ્રેણીના માણસો માત્ર ધન મેળવવાની એકઠું કરવાની અપેક્ષા રાખે છે, જ્યારે મધ્યમ પ્રકારના લોકો ધન અને માન બંને મળે એવી આશા રાખે છે, પરંતુ ઉત્તમ કોટિની વિચારશ્રેણીના લોકો તો માત્ર પોતાને મળતું માન અને સત્કારને જ શ્રેષ્ઠ ધન સમજે છે.

સામાજિક માન-મરતબો-મોભો કોઈના પ્રજાના ગરીબીના કે કુટુંબીજનોનાં હૃદયનાં તમારું મોભાદાર સ્થાન હોય, લોકો માન અને પૂજ્ય ભાવની દૃષ્ટિથી તમને વંદનીય ગણતાં હોય તો જ જીવન જીવવા જેવું અને મોભાદાર લાગે છે. બાકી તમારી હયાતીની ક્યાંક નોંધ ન લેવાતી હોય, કીડીમકોડાની જેમ માત્ર તમારી પેટપૂર્તિ જ કમાતા હો તો એ કમાણી અને જીવનમાં ધૂળ પડી. પશુ-પક્ષી પણ પેટ ભરી ખાઈ શકે અને સંગ્રહ પણ કરતાં હોય છે પણ એના જન્મ મરણની કોઈ નોંધ લેતું નથી.

### સુવિચાર

- જીરવી લઈએ ઝેર જીવનના, ચાલો રમીએ શંકર શંકર - **જીવન પાથેય**
- જીવનની વ્યાખ્યાઓ કરવા દો એ જ લોકોને,
  જે જિંદગાનીઓ ફુટપાથ પર વિતાવી શકે - **મુકુલ ચોકસી**
- ધર્મ એટલે કોઈ પણ જીવને કોઈ પણ પ્રકારે સુખ આપવું તે, અને કોઈ પણ જીવને કોઈ પણ પ્રકારે દુઃખ આપવું તે અધર્મ. બસ, આટલો જ ધર્મનો અર્થ સમજવાની જરૂર છે - **દાદા ભગવાન**
- હે પ્રભુ! તું વિશ્વનું કલ્યાણ કર, કયાં અને કયારેની સૌને જાણ કર,
  મીણ થઈ જા તું જરી, કાં તો અમને પાણ કર... - **ભાસ્કર ભટ્ટ**
- જે નથી એની ઉપેક્ષા પણ જે છે એની નોંધ, આનું નામ છે હકારાત્મક અભિગમ - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસ બે પ્રકારના છે, એક માનહંસ અને બીજા સાધારણ. જેને ભગવાન માટે તાલાવેલી લાગી છે તેને માનહંસ કહેવા, ને જેઓ કામીની કાંચનરુપ વિષયમાં રચ્યા પચ્યા છે તેઓ સાધારણ માણસ - **અનામી**
- આજનું ઔષધ : વાયુની તકલીફમાં એલચીના ચૂર્ણમાં ચપટીહિંગ ઉમેરી લીંબુના રસ મેળવી તે ચાટી જવાથી વાયુનું અનુલોમન થતાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બે માછીમાર નદીમાં કાંટો નાખી ને માછલી પકડવાની રાહ જોતા બેઠા હતા. એવામાં પહેલા માછીમારના કાંટામાં એક મોટી માછલી ફશાઈ. તે રાજી થઈ ગયો. માછલી તેણે રાંધવા મૂકી ફરી કાંટો પાણીમાં નાખ્યો. બીજા માછીમારને એકાદ કલાક રાહ જોવી પડી. એના કાંટામાં પણ મોટી માછલી ફસાઈ તેણે એ માછલી પાસે રાખવાને બદલે પાછી પાણીમાં ફેંકી દીધી. બીજા માછીમારે ફરીથી કાંટો નાખ્યો ફરીથી મોટી માછલી સપડાઈ જેને તેણે ફરીથી પાણીમાં પાછી નાખી. આવી બેત્રણ વાર થવાથી પહેલા પાછીમારો તેને પૂછ્યું, 'ભાઈ, હું જોઉં છું કે તમારા કાંટામાં ઘણી મોટી અને સુંદર માછલી ફસાઈ હતી. તેમ છતાં તેને શા માટે પાણીમાં પાછી ફેંકી દીધી?'બીજા માછીમારે લાચાર બનતા કહ્યું, 'અરેભાઈ, એવી મોટી માછલીને રાંધવા માટે મારી પાસે એવું મોટું વાસણ નથી. નાની માછલી પકડાય તો હું એને મારી પાસેના નાના વાસણમાં પકાવી શકું.' પહેલો માછીમાર કહે, 'અરે,દોસ્ત તારી પાસે નાનું વાસણ તો છે ને ?' એમાં જ મોટી માછલી નાના ટુકડા કરી પકાવી શક્યો હોત !!!' ભાવાર્થ એ કે મોટા લક્ષ્યની પ્રાપ્તિના પ્રયાસ વખતે મળેલી નાની, પણ સુંદર તકોની અવગણના કરવી જોઈએ નહીં. આવી નાની તકો ઝડપીને પણ એને મોટી જીતમાં પલટાવી શકાય છે.

# માનવજાત મહામારીમાં અટવાઈ છે

**તંત્રીસ્થાનેથી...**

ગુડ ફ્રાઈડેની રજા પડતી ત્યારે બિન ખ્રિસ્તી બાળકોને મૂંઝવણ થતી. પ્રભુ પુત્ર ઈસુને વગરવાંકે, ખોટે ખોટા આક્ષેપો કરી ક્રૂસ પર ચઢાવી દીધા તે દિવસ તો ઈતિહાસમાં ગોઝારા દિવસ તરીકે ઓળખાવો જોઈએ. પરંતુ ખ્રિસ્તી ધર્મમાં તે શુક્રવારને 'સારો શુક્રવાર' કહેવામાં આવે છે, કારણ કે ઈસુએ તો લોકોનાં પાપ પોતે ઓઢી લઈ ક્રૂસીફાય થવાનું સ્વીકાર્યું હતું. એમણે પોતાને યાતનાઓ આપનારાઓને પણ માફ કરી દીધા હતા. 'હે પ્રભુ, તું આ લોકોને માફ કરજે કારણ કે તેઓ જાણતા જ નથી કે પોતે શું કરી રહ્યા છે.' - ઈસુ ત્રીજે દિવસે એમનું શબ જે ગુફામાં મુકાયેલું ત્યાંથી અદૃશ્ય થઈ ગયા હતા. કેટલાક લોકોએ એમને જોયા પણ ખરા. આમ તે પુનરુત્થાન પામ્યા - એટલે તે રવિવારનો પવિત્ર ઈસ્ટર તરીકે મહિમા થયો. કોરોના સંક્રમણ કૂદકેને ભૂસકે વધી રહ્યું છે ત્યારે પૃથ્વીનાં પાપ ખાતર બલિદાન આપનાર ઈસુ ખ્રિસ્તનું આ વિશિષ્ટ પર્વ માનવજાતને આશ્વાસનરુપ નીવડશે, કોરોનાની શરુઆત ચીનમાં થઈ અને ચીને આ વાત જાહેર કરી ત્યારે માંડ ૩૪ કેસો થયા હતા. ટૂંકા ગાળામાં ચીની વાઈરસ આખી દુનિયાને સકંજામાં લઈ ચૂક્યું છે. ઈટાલી અને સ્પેન લાશોના ઢગલામાં ફેરવાઈ ગયું છે. અત્યાર સુધીમાં વિશ્વમાં કોરોનાના સવા સોળ લાખ જેટલા કેસો નોંધાયા છે. ભારતમાં સાડા છ હજાર કેસ નોંધાયા છે. વિશ્વમાં મરણ આંક એક લાખને આંબી રહ્યો છે. ગુજરાતમાં આપણને પ્રમાણમાં સલામતી લાગતી હતી પરંતુ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્સના નવા માપદંડો પછી આંકડો ચોંકાવનારો છે. અમદાવાદ તો રીતસર મોતના જવાળામુખી પર જ બેઠું છે. ટેસ્ટિંગ સુવિધા ઓછી હોઈ રૅન્ડમ સૅમ્પલિંગથી કામ લેવું પડે છે એથી ઘણા પોઝિટિવ કેસ છટકી જાય છે. કલસ્ટર ક્વૉરન્ટાઈનના નિર્ણય પછી આ સૅમ્પલિંગમાં વધુ ને વધુ કેસો આવી રહ્યા છે. દરેક પોઝિટિવ કૅસ એક જીવતો બોમ્બ છે. કદાચ એની પ્રતિકાર શક્તિ વધુ હોય તો એ બચી જશે પરંતુ એના સંસર્ગમાં આવેલ તમામને કોરોના ઈન્ફેકશનની ભેટ તો આપતો જ જશે. વિદેશયાત્રા કે એક રાજયમાંથી બીજા રાજયમાં હરવા ફરવાનો હિસ્ટ્રી નહીં ધરાવતા તેમજ કોરોના પોઝિટિવ કેસના સંપર્કમાં નહીં આવનારા પણ સૅમ્પલિંગમાં પકડાયા છે. એનો અર્થ એ કે લોકક ટ્રાંસમિશન મોટા પાયે શરૂ થઈ ચૂક્યું છે. ગાંધીનગરમાં ૮૪ વર્ષના વૃદ્ધ કોરોનાનો બલિ બની ગયા છે. એમને પૌત્ર તરફથી આ કોરોનાની દારુણ મૃત્યુભેટ મળી હતી. તલબીઘી જમાતને કારણે દેશભરમાં કોરોનાનો ચેપ ફેલાઈ ચૂક્યો છે. આ ચેપની ચેઈન તોડવાની ઈમાનદારીપૂર્વકના પ્રયાસોમાં સહયોગ આપવાને બદલે આવી બાબતે સાંપ્રદાયિકતાનું રાજકારણ વચ્ચે લાવવું કોઈ પણ માપદંડથી વાજબી ન લેખાય. ઈંગ્લેન્ડના વડાપ્રધાન આઈસીયુની હવા ખાઈને બહાર આવ્યા છે તે આશાવાદ જગાવે છે. સારું છે કે હજી સુધી કોઈ અતિ પ્રતિષ્ઠિત ભારતીય નેતા કે સેલિબ્રિટી કોરોનાનો શિકાર બનેલ નથી. કનિકા કપૂરે પોતાનો લૂલો બચાવ કરવા કોશિશ કરી હતી તેથી એની છાપ બગડી છે. પોતે બીજા કેટલા બધા લોકોને ચેપ લગાડી આવી એ બદલ લાજવાને બદલે એ ગાજે છે ! હવે જયારે હાઈડ્રોક્સીકલોરોક્વીન જેવી એન્ટિ મેરેલિયલ દવા કોરોના ઈન્ફેકશનમાં ઉપયોગી નીવડતી હોવાનું પ્રસ્થાપિત થઈ ચૂક્યું છે. ત્યારે સ્વાભાવિક રીતે જ અમેરિકાના પગલે કોરોના પ્રભાવિત અનેક દેશો ભારતમાં મોટા પાયે ઉત્પાદિત થતી આ દવાના વધુમાં વધુ ડોઝ ભારત પાસેથી મંગાવી રહ્યા છે. વહાલાં દવલાંની રાજનીતિ કર્યા વગર જેને ખરી અને તાતી જરૂરિયાત છે એવા લોકોને દવા પહોંચાડવી જોઈએ પરંતુ 'ઘરના છોકરા ઘંટી ચાલે, ને ઉપાધ્યાયને આટો' આપી દેવાની ઉદારતા પણ વાજબી નહીં લેખાય. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વૈશ્વિક ઈમેજને લીધે અમેરિકાના રાષ્ટ્રપ્રમખથી લઈ બ્રાઝિલ સહિતના રાષ્ટ્રનાયકો એમની પાસેથી દવાનો જથ્થો મંગાવી રહ્યા છે. આગામી દિવસોમાં કોરોના સામે કાથા માથાના માનવીના નિર્ણાયક યુદ્ધના દિવસો હશે. આશા રાખીએ કે માનવી જીતે, માનવતા મહોરે, કોરોના હારે. માનવી ખુવાર થઈ શકે છે, પણ એને ખતમ નહીં કરી શકાય.

## જબ ગરીબી દરવાજે સે અંદર આતી હૈ, તો પ્યાર ખિડકી કે બાહર ચલા જાતા હૈ



**ડાયલોગથી દેવભાષા**

ડો. જય ઓઝા

**જબ ગરીબી દરવાજે સે અંદર આતી હૈ, તો પ્યાર ખિડકી કે બાહર ચલા જાતા હૈ**
**- જન્નત**

ઈમરાન હાશ્મી અભિનિત મહેશભટ્ટ નિર્મિત અને કુનાલ દેશમુખ દિગ્દર્શિત 'જન્નત' પિક્ચર તેના સંવાદોના કારણે પણ લોકપ્રિય થયું હતું. સંજય માસુમે ઉપરોક્ત સંવાદ લખ્યો છે, અને પિક્ચરમાં ડોનનું પાત્ર ભજવતાં જાવેદ શેખના મુખે આ સંવાદ સટ્ટા બજારમાં ઈમરાન હાશ્મી ખૂબ જ પૈસા ગુમાવીને રોડ પર આવી જાય છે, ત્યારે ઈમરાન હાશ્મીને તેની પ્રિયતમા પણ છોડીને ચાલી જાય છે, આવા સમયે જાવેદ શેખ આ સંવાદ બોલે છે જે જીવનની કટુ વાસ્તવિકતા છે. પૈસા હોય ત્યારે બધા સાથે હોય છે, પરંતુ દરિદ્રતાના દર્શન થતા જ આપણો પડછાયો પણ સાથ છોડી દેવાના મનસૂબા ધરાવતો થઈ જાય છે. આવા જ અર્થ સામ્ય વાળો એક શ્લોક 'મૃચ્છ કટિકમ્' માં મળી આવે છે.

**દારિદ્રયાત્પુરુષસ્ય બાન્ધવજનો વાક્યે ન સંતિષ્ઠતે ।**
**સુસ્નિગ્ધાં વિમુખિભવન્તિ સુહૃદઃ સ્ફારીભવન્ત્યાપદઃ ॥**

- દારિદ્રયથી પુરુષના બાંધવજનો કહ્યામાં રહેતા નથી, અત્યંત નિકટનો મિત્ર વિમુખ થાય છે, આપત્તિ વકરે છે.

'શૂદ્રક' રચિત 'મૃચ્છકટિકમ્' પ્રકરણ નાટકમાં પ્રથમ અંકમાં જ નાટકના નાટક ચારુદત્તના મુખે આ શ્લોક 'શુદ્રકે' મૂક્યો છે. 'મૃચ્છકટિકમ્' પ્રકરણ નાટક આશરે ઈ.સ. ૬ઠ્ઠી સદી કે સાતમી સદીની રચના મનાય છે, અને આ જ નાટક પરથી શેખર સુમન રેખા અભિનિત ગિરીશ ગર્નાડ દિગ્દર્શિત, શશીકપૂર નિર્મિત 'ઉત્સવ' પિક્ચર ૧૯૮૪માં નિર્માણ પામી ચૂક્યું છે...

સંસ્કૃત સાહિત્યની પ્રત્યક્ષ કે પરોક્ષ અસર વર્તમાન ચલચિત્રો કે નવલકથાનકો પર ક્યાંક ને ક્યાંક પડ્યા વગર રહી નથી. નાટકની શરુઆતમાં જ વર્ણન આવે છે કે, ચારુદત્ત કે જે એક સમયે ખૂબ જ ધનવાન નગરશેઠ હોય છે, કાળક્રમે સંપત્તિ ચાલી જતાં દરિદ્રતાના કારણે એક સમયના ભર્યાભાદર્યા ઘરમાં જયાં લોકોના ધાડા ઉમટી રહેતા હતા, ચારુદત્તના અઢળક મિત્રો હતા, તે બધા ચારુદત્ત દરિદ્ર થતા જ તેનો સાથ છોડી જાય છે...

jayuoza@gmail.com, Mo.9898046488

## સ્વરોત્સવ 'ઑનલાઈન'



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

'વૃત્ત સંચય'

કોરોના કહેરના સંક્રમિત કાળને પરિણામે 'લૉકડાઉન'ના કારણે અત્યારે સૌ ઘરમાં જ છે ત્યારે; વૅબ સીરિઝના ભયાનક વંટોળ વચ્ચે, શહેરના સાહિત્ય રસિકો/ભાવકોને સાહિત્ય માણવું એ સામા પ્રવાહે તરવા જેવું છે.આ સમયે સૂરનો ઉત્સવ એટલે કે, 'સૂરોત્સવ'ને સાહિત્ય રસિકો/ભાવકો ઘેરબેઠાં ભલીપેર, ભરપેટ માણી શકે તે માટે; 'સ્વરોત્સવ'દ્વારા એક કદમ આગળ વધીને, હવે સ્વરોત્સવ પણ 'ઑનલાઈન' વિના મૂલ્યે શરૂ કરાયેલ છે; જે દરરોજ બપોરે ૧-૦૦ વાગ્યે જોઈ શકાશે. લૉકડાઉનની અંદર, ઘરે બેઠેલા સાહિત્ય રસિકો/ભાવકો માટે આ પ્રોગ્રામ અતિ મહત્વનો બની રહેશે.

સ્વરોત્સવના કવિ અંકિત ત્રિવેદીએ કહ્યું હતું કે, જેનામાં સાહિત્યને શ્વાસે ભરવાની હામ છે તે, સામા પ્રવાહે તરી શકે છે અને તેથી જ આવા ભાવકોના સાહિત્યનો પ્રેમ સ્વરોત્સવમાટે સદાય અકબંધ રહે તે માટે,આ કાર્યક્રમ ઑનલાઈન શરૂ કરાયો છે.

'રજવાડું'ખાતે ફેબ્રુઆરીમાં દિવ્યભાસ્કરના સહયોગથી 'સ્વરથી ઈશ્વર સુધી'નો આ ફેસ્ટીવલ યોજાયો હતો. હવે ફરીથી આ પ્રોગ્રામ તેમના પેજપર લાઈવ કરવામાં આવશે. આજે જ્યારે લોકો લૉકડાઉન છે ત્યારે, જેઓને ગીત,સંગીત અને સાહિત્યમાં રસ છે તેઓ, ઘેર બેઠાં આ કાર્યક્રમનો ઑનલાઈન લાભ લઈ શકશે.

muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

# આપણી સંસ્થાગત વ્યવસ્થાઓ અને આપણી ઓળખ



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

જગતના ઈતિહાસમાં જોવા મળે છે કે કોઈપણ નગરની અથવા પ્રદેશની કે દેશની ઓળખ ત્યાં આવેલા સ્થળો થકી સ્થાપિત થાય છે. નાલંદા – વલ્લભી કે તક્ષશિલા જેવી જીવંત તથા જે તે સમયમાં ધબકતી મહાવિદ્યાલયો જોઈને ચીનના યાત્રિકો તથા સંશોધકોએ આ વિદ્યાલયોના વર્ણન થકી હિન્દુસ્તાનની ઓળખ સમગ્ર જગતને કરાવવાનો અભ્યાસુ પ્રયાસ કર્યો. જાણીતા ચીની યાત્રિકો હયૂ એન સંગ કે ઈત્સિંગની પ્રવાસ ડાયરીઓ ઈતિહાસકારોને તત્કાલિન ઈતિહાસનું દર્શન કરવામાં ઉપયોગી થયું છે. ઈસવીસનની પાંચમીથી સાતમી સદીમાં પણ બૃહદ હિન્દુસ્તાનનું ભાતીગળ ચિત્ર આવી ભવ્ય શૈક્ષણિક સંસ્થાઓ થકી જગતને થઈ શક્યું. શિલ્પ સ્થાપત્યના બેનમૂન ઉદાહરણ સમાન તાજમહેલના નિર્માણથી આગ્રાની એક આગવી ઓળખ પ્રસ્થાપિત થઈ. આજે પણ તાજ તથા આગ્રાની ખ્યાતિ એવીજ અકબંધ રહી છે. દક્ષિણ આફ્રિકાથી આવેલા સત્યાગ્રહી બેરીસ્ટર ગાંધીને પોતાના સત્યના પ્રયોગો તેમજ શ્રમ આધારીત વૈકલ્પિક જીવન જીવવાની પધ્ધતિની વાસ્તવિક પ્રયોગશાળા માટે આશ્રમ ઊભો કરવાની મહેચ્છા હતી. દક્ષિણ આફ્રિકાના ફિનીક્સ કે ટોલ્સટોય આશ્રમના પ્રયોગોને સુદ્રઢ કરવા ગાંધીજીએ કોચરબ તેમજ સાબરમતી આશ્રમની સ્થાપના અમદાવાદમાં કરી. ૧૯૩૦ના માર્ચ મહીનામાં સાબરમતી નદીની તેમજ વિશાળ જનસમૂદાયની શાક્ષીએ મહાત્માએ દાંડીકૂચનો આ આશ્રમથીજ પ્રારંભ કરીને સાબરમતી આશ્રમનું સ્થાન વિશ્વના નકશામાં સ્થાપિત કર્યું. અમદાવાદ શહેરની ઓળખ ગાંધી તેમજ સાબરમતી આશ્રમ થકી ઝળહળી રહી છે. પોરબંદરની ઓળખ એક અર્થમાં સુદામા પૂરી રહી છે. પરંતુ પોરબંદરની વૈશ્વિક ઓળખ ગાંધીની જન્મભૂમિ તેમજ કીર્તિમંદિર થકી પ્રસ્થાપિત થયેલી છે. હિન્દુસ્તાનની ઓળખ માટે મહાનદી ગંગા તેમજ ધવલ રમ્ય હિમાલયની ભવ્યતાનું સુયોગ્ય દર્શન કવિ ઈકબાલે કરાવ્યું છે જે અમર છે. દેશના જાગૃત તેમજ અડીખમ સંત્રી તરીકે હિમાલયનુંદર્શન ઈકબાલે કરાવ્યું છે. સૌરાષ્ટ્રનો જ્યારે સંદર્ભ આવે ત્યારે સંતો તથા શૂરવીરો થકી આ વિસ્તારની આગવી મહત્તા જગતને પહોંચી છે. કવિ ત્રિભૂવન ગૌરીશંકર વ્યાસની આ બાબતનું ગૌરવ કરતી અમર રચનાના શબ્દો યાદ આવે છે.

ભકત નરસિંહ જ્યાં નાચીયો
નેહમાં, સંપદા પામીયો જ્યાં
સુદામો, વીર ગાંધી દયાનંદ
જ્યાં નીપજ્યા, સતી અને સંતનો
જ્યાં વિસામો.
ગામ ગામે ઊભા સ્થંભ પોકારતા
શૂરના ગુણની ગાથ વરણી,
એવી ભારતી ભોમની વંદુ
તનયા વડી, ધન્ય હો ધન્ય
સૌરાષ્ટ્ર ધરણી.

કચ્છની એક આગળ ઓળખ સમગ્ર વિશ્વને કચ્છની સાહસિક તથા વ્યાપારી પ્રજાના ખમીર થકી થયેલી છે. કચ્છની ઓળખ મેળવવા માટેનું એક બળુકું માધ્યમ એ કવિશ્રેષ્ઠ દુલેરાય કારાણીના અનેક સર્જનો – રચનાઓ છે. થોડા શબ્દોમાં કચ્છની ઓળખ જીવંત કરવા કારાણી સાહેબે એક દૂહો ટાંક્યો છે.

તળ ઊંડા જળ છીછરાં,
કામન લંબે કેશ,
નર પટાધર નીપજે
ડોલરિયો કચ્છ દેશ.

કચ્છના લોકસાહિત્યમાં પણ અનેક પંક્તિઓ ભિન્ન ભિન્ન કાવ્ય કે છંદના પ્રકારમાં જોવા મળે છે. આ સાહિત્યને ગ્રંથસ્થ કરવામાં દુલેરાય કારાણીનો પ્રયાસ અજોડ છે.

વંકા કુંવર વિકટ ભડ,
વંકા વાડીય વચ્છ,
વંકા કુંવર તડે થિયેં
જ પિયેં પાણી કચ્છ.

કચ્છના ગૌરવને ઉજાગર કરતાં કવિને લાગે છે કે આ ધરતીના પાણીનાજ કોઈ પ્રતાપને કારણે કચ્છનો મહીમા જગતમાં થયો છે. પંડિત શામજી કૃષ્ણવર્મા તેનું એક જ્વલંત ઉદાહરણ છે. આ પાણીદાર મલક જોકે પુરતા પાણી કે જળની વ્યવસ્થા કરવા હમેશા ઝઝૂમતો રહેલો છે.

દેશ આઝાદ થયો અને બ્રિટીશ મહાસત્તાએ વિદાય લીધી ત્યારબાદ દેશને એક તાંતણે ગૂંથવાનું પડકારરૂપ કાર્ય સરદાર વલ્લભભાઈએ કર્યું. દેશ આઝાદ થયો તે પહેલા કેટલોક વિસ્તાર દેશી રજવાડાઓના નિયંત્રણમાં હતો. અનેક રાજવીઓ પૈકી કેટલાક રાજવીઓ તેમણે પૂરા પાડેલા સુશાસન થકી આજે પણ લોકસ્મૃતિમાં રહેલા છે. આ રાજવીઓએ જે કેટલીક સંસ્થાગત વ્યવસ્થાઓ ઊભી કરી તેના કારણે એ રાજવી તથા તેમના પ્રદેશ કે નગરની એક આગવી પ્રતિષ્ઠા ઊભી થઈ. ભાવનગરની શામળદાસ કોલેજ કે જૂનાગઢની બહાઉદ્દીન કોલેજને કારણે ભાવનગર કે જૂનાગઢની શોભા વધી છે. ક. મા. મુનશીના ભારતીય વિદ્યાભવનનો ઉલ્લેખ કર્યા સિવાય મુંબઈની સર્વગ્રાહી ઓળખ આપવી મુશ્કેલ છે. કચ્છમાં પણ આવો એક ઐતિહાસિક તથા દીર્ઘદ્રષ્ટિયુક્ત નિર્ણય કરીને કચ્છની વ્રજભાષા પાઠશાળાનું નિર્માણ કરવામાં આવ્યું હતું. સૌજન્યશીલ કવિ તેમજ અભ્યાસુ શંભુદાનજી અયાચીએ તેમના સમૃધ્ધ 'કચ્છ દર્શન' પુસ્તકમાં આ પાઠશાળાની સ્થાપના બાબત રસપ્રદ વિગતો આપી છે. આ એક આગવી તથા અજોડ સંસ્થા હતી. કવિઓનું નિર્માણ કરવા માટે મહારાવશ્રી લખપતજી વ્રજભાષા પાઠશાળાની સ્થાપના કરવામાં આવી. રાવશ્રી લખપતજી (જન્મ-૧૭૧૦) પોતાની શકિત તેમજ વિદ્યાપ્રીતિના કારણે સાહિત્યનો અભ્યાસ કરાવવા માટેની આ શાળાનું નિર્માણ કરી ગયા. આ પાઠશાળા ૧૯૪૮ સુધી પ્રવૃત્ત રહી. વ્રજભાષા પાઠશાળાના અંતિમ આચાર્ય તરીકે શંભુદાનજીએ ફરજ બજાવી હતી. કચ્છમાં મહારાવશ્રી લખપતજી વ્રજભાષા પાઠશાળામાં દેશભરમાંથી જ્ઞાનપ્રાપ્તિ માટે વિદ્યાર્થીઓ આવતા. સંસ્થા ચલાવવાનો તમામ ખર્ચ રાજય ભોગવતું હતું. કવિઓનું નિર્માણ કરવાની આવી સંસ્થા અન્ય કોઈ સ્થળે જોવા મળતી નથી. કચ્છની ઓળખ ઊભી કરવામાં વ્રજભાષા પાઠશાળાનો મહત્વનો ફાળો રહેલો છે.

નજીકના ભૂતકાળમાં જોઈએ તો પણ અનેક શ્રેષ્ઠિઓ કે સરકારોએ ઉત્તમ સંસ્થાઓની સ્થાપના કરીને સમાજને તેનું પ્રદાન કરેલું છે. દેશની વૈશ્વિક ઓળખ ઊભી કરવામાં અવકાશ વિજ્ઞાનની જે સંસ્થાઓ ડૉ. વિક્રમ સારાભાઈએ કરી તેના કારણે આ ક્ષેત્રમાં આજે પણ દેશનું ગૌરવ વધે છે. મહાત્મા ગાંધીએ ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરીને એક રચનાત્મક તથા વૈકલ્પિક કેળવણીની વ્યવસ્થાનું નિર્માણ કરવાનો પ્રયાસ કર્યો. છેલ્લી એક સદીથી ગુજરાત વિદ્યાપીઠ ગાંધી વિચારની મશાલ ઝળહળતી રહે તે માટે પ્રયત્નશીલ છે.

અમેરીકા તેમજ યુરોપની કૅમ્બ્રિજ કે ઓક્સફર્ડ અથવા હાર્વર્ડ જેવી સંસ્થાઓએ પણ વિશ્વના ઘડતરમાં પોતાનું યોગદાન આપેલું છે. સંસ્થાઓનું નિર્માણ કરવું તેમજ તેને ટકાવવા માટેની સુયોગ્ય વ્યવસ્થા ઊભી કરવી તે સ્વસ્થ સમાજની નીશાની છે.

# કોરોનાકૃત ગૃહબંધીમાં અનુબંધ ગાંધી વિચારનો



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

'હિંદ સ્વરાજ' એ મહાત્મા ગાંધીએ પોતે લખેલું પુસ્તક છે. ગાંધીજીએ આ પુસ્તક આગબોટના તૂતક પર બેસીને લખેલું છે. આજથી બરાબર એકસો બાર વર્ષ પહેલાં એટલે કે ૧૯૦૮માં તેમણે આ પુસ્તક લખ્યું હતું. કેટલાંક ગાંધી વિરોધીઓ ગાંધીની ટીકા પણ આ પુસ્તકના આધારે કરે છે. ગાંધી યંત્રના વિરોધી હતા એવી તેમની સામેની ટીકાનો ગાંધીએ ખુદે જવાબ પણ આ પુસ્તકમાં જ આપ્યો છે. અલબત્ત આ પુસ્તકમાં મૂળ તો આઝાદી મેળવવાના ઉપાયોની સાથે સમાજ સંસાર સુદારા અંગેના નિયમો ગાંધીએ દર્શાવ્યા છે. આ પુસ્તકના ઉષોદઘાનમાં મહાદેવ હરિભાઈ દેસાઈ એમ નોંધે છે કે 'લોર્ડ લોધિયન એક વાર સેવાગ્રામ આશ્રમમાં આવ્યા હતા ત્યારે તેમણે મારી પાસે 'હિંદ સ્વરાજ'ની નકલ માગી હતી. તેમણે કહ્યું હતું કે, 'ગાંધીજી અત્યારે (૧૯૩૮) જે કંઈ ઉપદેશી રહ્યા છે તે આ નાનકડી ચોપડીમાં બીજરુપે પડેલું છે, ગાંધીજીને બરાબર સમજવા માટે એ ચોપડી ફરી ફરી વાંચવી ઘટે છે.'

ગાંધીજીએ આ પુસ્તક વિશે એમ લખેલું કે, 'તે દ્વેષધર્મની જગ્યાએ પ્રેમધર્મ શીખવે છે; હિંસાને સ્થાને આપભોગને મૂકે છે; પશુબલની સામે ટક્કર ઝીલવા આત્મબળને ખડું કરે છે.' કોરોનાના કારણે આજે જયારે આપણે સહુ સરકારના આદેશને આપદ્ ધર્મ તરીકે સ્વીકારીને 'ઘરમાં જ બંધ' છીએ ત્યારે આ પુસ્તકમાં હિન્દુસ્તાનને આપેલી શિખને સમજવા જેવી છે. ગાંધી અહિંસક ક્રાંતિકારી હતા પણ એ સાથે તેઓ અગમનાં એંધાણ પારખનારા એક દૂરંદેશી સમાજ સુધારક હતા. હા તેઓ પ્રેરણાત્મક વાતો પોતાના ઊંડા ચિંતન, મનન અને વાંચનના આધારે રજૂ કરતા હતા. પોતાની જે વાત હોય તેની સામે જન સામાન્યની કોઈ પણ દલીલ હોય તો એ દલીલને સ્વીકારીને તેને તર્કબદ્ધ રીતે સમજાવવાની તેમની સમજણ કાયમની રહી હતી.

### લૉકડાઉનમાં 'લોક' સ્વરાજની વાત

આથી જ તેમની વાત કે વિચાર એ એક પક્ષી ન રહેતા ઉભયપક્ષી બની રહેતી હતી. સમાજ સાથે તેઓ અસરકારક રીતે સંવાદનો તાર જોડતા હતા. ગાંધીજીએ હિંદ સ્વરાજમાં 'છૂટકારો' પ્રકરણમાં સંસાર સુધારા માટે આવશ્યક ઓગણીસ નિયમ રજૂ કર્યા હતા. જે પૈકી આજની કોરોના સમસ્યાયુક્ત સ્થિતિમાં કેટલાંક આજની મુશ્કલીના ઈલાજ સમાન છે તે અત્રે રજૂ કર્યા છે.

- જે ધનાઢ્ય હશે છતાં પોતાના પૈસાથી દરકાર રાખ્યા વિના જે મનમાં છે તે જ બોલશે ને ચમરબંધીની પરવા નહીં રાખે. (ગાંધીજી જાણે સંગ્રહખોરી અને કાળાબજારીયાઓને ઉદ્દેશીને વ્યક્ત થતાં હોય એમ સાંપ્રત સમયે આપણને જણાય ખરું?)
- બધા સમજશે કે શોક દશામાં મોજશોખ હોઈ ના શકે. જયાં સુધી આપણને ચેન નથી ત્યાં સુધી આપણે જેલમાં કે (અત્યારે ઘરમાં) કે દેશમાં હોઈએ તે ઠીક છે.
- બધા સમજશે કે આપણે દુઃખ સહન કરીને જ બંધન છોડી શકીશું (કોરોનાનું બંધન!)
- બધા સમજશે કે કોઈ પણ પ્રજા દુઃખ વેઠ્યા વિના ચડી નથી. રણ સંગ્રામમાં પણ કસોટી ને દુઃખદ છે. બીજાને મારવા તે નથી. તેવું સત્યાગ્રહ વિશે છે. (આજે ઘરમાં જે રહેવું તે સત્યાગ્રહ જ છે ને !)
- બધા સમજશે કે 'બીજા કરે ત્યારે આપણે કરીશું એ ન કરવાનું બહાનું છે. આપણને સારું લાગે છે એ વાસ્તે આપણે કરો. બીજાને ભાસશે ત્યારે તે કરશે. એ જ કરવાનો રસ્તો છે.' (નાગરિક નિસ્બત જાળવવાનું સટીક સૂચન છે ગાંધીનું !)
- મને સ્વાદિષ્ટ ભોજન જોવામાં આવે તે લેતાં હું બીજાની રાહ નથી જોતો પણ દુઃખ ભોગવવું એ પણ સ્વાદિષ્ઠ ભોજન જ છે. (ઘરમાં જે હોય તેનાથી ચલાવી લેવાની શિખામણ ગાંધી આપે છે.)
- મને લાગે છે કે આપણે સ્વરાજનું નામ લીધું છે પણ તેનું સ્વરુપ સમજ્યા નથી કે જેવું હું સમજું છું તેવું સમજાવવા મેં પ્રયત્ન કર્યો છે તેવું સ્વરાજ લેવા ખાતર આ દેહ અર્પણ છે, એમ મન સાક્ષી પૂરે છે.

આપણે સહુ જાણીએ છીએ કે સ્વરાજ શબ્દ પહેલો વહેલો આપ્યો હતો દાદાભાઈ નવરોજીએ. અને એને દેશવ્યાપી બનાવ્યો લોકમાન્ય ટિળક સાહેબે. 'સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે, અને તે હું મેળવીને જ ઝંપીશ,' એ તો સહુને જાણીતું છે. પણ ગાંધીએ પોતાના પુસ્તકનું નામ રાખ્યું તે હિંદ સ્વરાજમાંથી તેમણે સ્વરાજ શબ્દને અર્થ ગાંભીર્ય આપ્યું. ગાંધીના અર્થ મુજબ સ્વરાજ એટલે સ્વનું રાજ નહીં, સ્વ ઉપરનું રાજ. 'નોટ રુલ ઓફ ધ સેલ્ફ, બટ રુલ ઓવર સેલ્ફ.' પોતાની જાત ઉપરનો કાબુ એટલે જ સ્વરાજ. એમ ગાંધીએ એક નાનકડા અર્થમાં સ્વરાજનો અર્થ વિસ્તાર્યો છે, વ્યાપક વિભાવના તેમાં આવરી લીધી છે. જે આજના લોકડાઉનના સંદર્ભમાં સ્વરાજનો અર્થ જોઈએ તો પ્રતિબદ્ધ અપાતી સૂચનાનું પાલન એક અનુશાસન, પછી એક વ્યક્તિ તરીકે ઘરમાં જ સલામત રહેવાની વાત હોય કે વેપારી તરીકે ધંધા વ્યવસાયમાં મુશ્કેલ સમયનો ગેરલાભ ઉઠાવીને વધુ નફો કમાઈ લેવાની વૃત્તિ ઉપર પણ રોક. ટૂંકમાં ગાંધીએ દર્શાવ્યા મુજબ લોકડાઉનની ગમે તેવી અણધારી કે અણગમતી પરિસ્થિતિમાં પણ પોતાની જાત ઉપર કાબુ રાખીને સયંમિત જીવન જીવવું એટલે સ્વરાજ એમ કહી શકીએ.

આશા રાખીએ કે ગાંધીએ સૂચવેલા સંસાર સુધારાના અનુશાસનનું અજવાળું લોકડાઉનના દિવસોમાં અને એ પછી પણ વિસ્તરે, વિકસે અને વિલસે.